ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી



## ૪૨૪ ગ્રામ પંચાયતમાં સરપંચના ૧૬૭૧ મૂરતિયા, ૮.૯૧ લાખ મતદારો નિર્ણાયક

# આજે ગ્રામ પંચાયતોનો મહાસંગ્રામ

**૧૨૨૮ મતદાન મથક ઉપર સવારે ૭-૦૦ થી સાંજે ૬-૦૦ મતદાન, અનેક આગેવાનોના ભાવિ મતપેટીમાં સીલ થશે : મંગળવારે કંટાળા જનક મતગણતરી**







બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮ રવિવારે સાબરકાંઠા, અરવલ્લીની ૪૨૪ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદનો મહાસંગ્રામ યોજાશે. સરપંચ પદમાં ૧૬૭૧ અને વોર્ડમાં ૫૧૦૭ મૂરતિયા મેદાનમાં છે. જિલ્લાના ૮,૯૧,૮૧૪ મતદારો ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ કરશે. ચૂંટણી દરમ્યાન અનિચ્છનીય બનાવો બનવાની દહેશત વચ્ચે સંવેદનશીલ તેમજ અતિસંદેશનશીલ મતદાન મથકો ઉપર પોલીસ, એસ.આર.પી., હોમગાર્ડઝ જી.આર.ડી., ફોરેસ્ટ સહિતના સ્ટાફને તૈનાત કરવામાં આવ્યા છે મતદાન દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસને સતર્ક રહેવા જણાવાયું છે તેમજ મતદાન પ્રક્રીયા ખોરવાનારા તત્વોને બક્ષવામાં નહીં આવે તેવી ચીમકી પોલીસે ઉચ્ચારી છે. અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર તોફાનીઓને કાબુમાં લેવા માટે એસ.આર.પી.ની બે કંપનીઓ મૂકવામાં આવી છે. ભાજપ કોંગ્રેસના અનેક આગેવાનો સરપંચ અને વોર્ડમાં ઝંપલાવ્યું છે આજે તેમના ભાવિ મત પેટીમાં સીલ થઈ જશે અને મંગળવારે ભાવિનો ફેસલો થશે બેલેટ પેપરથી મતદાન યોજાવાનું હોવાની મતગણતરી કંટાળા જનક બની રહેશે.

છેલ્લા કેટલાય સમયથી ગ્રામ પંચાયતના સરપંચ પદ માટેનો ચૂંટણી જંગ પરાકાષ્ટાએ હતો ચૂંટણી નજીક આવી તેમજ ગામડાનું રાજકારણ ગરમાયું હતું. ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થયા પછી ઉમેદવારોએ પોતાની જીતમાં કંઈ કાચુ ન કપાઈ જાય તે માટે સોમવારની રાત્રે દામ, શામ, દંડનો પ્રયોગ કર્યો હતો. કેટલાક વિસ્તારોમાં મતદારોને રીતસરના ખરીદી લેવાના પ્રયાસ થયા હતા. સાબરકાંઠા, અરવલ્લીની ૪૨૪ ગ્રામ પંચાયતોનો આજે યોજાનારો ચૂંટણી જંગ નિર્વિધ્ને સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટી અને પોલીસ તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. સાબરકાંઠાની ૨૨૮ અનેઅરવલ્લીની ૨૯૭ ગ્રામ પંચાયત માટે ૧૬૭૧ ઉમેદવારોએ સરપંચ પદ માટે ઝંપલાવ્યું છે. બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા અને ભિલોડાની કેટલીક ગ્રામ પંચાયતોમાં ચૂંટણી દરમ્યાન હિંસા ભડકવાની દહેશત પણ સેવાઈ રહી છે. ઉમેદવારો પોતાની જીત મુદ્દે છેલ્લે સુધી મતદારોના મૌનના કારણે અસમંજસની સ્થિતિમાં રહ્યા છે. નવયુવાન ઉમેદવારોએ સરપંચ પદના જંગમાં ઝંપલાવતાં કેટલીક ગ્રામ પંચાયતોમાં ચોંકાવનારાં પરિણામો આવે તેવો વર્તારો જોવા મળ્યો છે. સાબરકાંઠામાં ૫૯૯ અને અરવલ્લીમાં ૬૩૯ મતદાન મથકો ઉપર આજ સવારથી મતદારોની મોટી કતારો ખડકાઈ જશે. સ્થાનિક ગ્રામ્ય સ્તરની ચૂંટણી હોવાથી ૮૦ થી ૮૫ ટકા કરતાં પણ વિક્રમી મતદાન થવાની સંભાવના સાબરકાંઠા, અરવલ્લી ચૂંટણી શાખા(ગ્રા.પંચાયત)એ વ્યક્ત કરી છે.

---

# પેપર લીકના આરોપીના ઘરેથી અધધ રૂા.૨૩ લાખની રોકડ મળી

**સમી સાંજે આરોપીઓને પ્રાંતિજ કોર્ટમાં રજૂ કરાયા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલી હેડકલાર્કની પરીક્ષાનું પેપર લીક થતાં ઉમેદવારને લીક પેપર અપાયાની આશંકા સેવાય છે. જિલ્લા પોલીસ વડા દ્વારા અન્ય આરોપીઓના ત્યાં





પણ સરકારી પંચોને સાથે રાખી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આગામી ૨ દિવસમાં જ પેપર લીક પ્રકરણમાં અધિકારીઓ તેમજ કેટલાક કર્મચારીઓના નામની સંડોવણી પણ બહાર આવે તેવી ચર્ચા જામી છે.

બેરોજગારોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે. પેપર લીક પ્રકરણમાં પ્રાંતિજ પોલીસ મથકમાં ૧૧ આરોપીઓ સામે ગુનો દાખલ થયા પછી હિંમતનગરના રાજબશેરા બંગ્લોઝમાં રહેતા દર્શન કિરીટભાઈ વ્યાસના ત્યાં તપાસ માટે પહોંચેલી પોલીસે રૂા.૨૩ લાખની અધધ રોકડ મળી આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી છે. જિલ્લામાં રૂા.૧૦ થી ૧૨ લાખમાં અસંખ્ય

### પેપર લીક પ્રકરણમાં સરકારી કર્મચારીઓની સંડોવણીની તપાસ શરૂ

હેડકલાર્ક વર્ગ-૩ નું પ્રશ્નપત્ર લીક થયા પછી સરકાર અને ગૌણ સેવા પસંદગી મંડળ સામે રોષ વધી રહ્યો છે. જ્યારે પેપર લીકનો માસ્ટર માઈન્ડ ગણાતો ઉંછા ગામનો જયેશભાઈ ઈશ્વરભાઈ પટેલ અદ્રશ્ય થઈ જતાં પોલીસે તેને પાતાળમાંથી પણ શોધી કાઢવા માટેના પ્રયાસ શરૂ કર્યા છે. જ્યારે જયેશ પટેલને પેપરની કોપી સ્ટ્રોંગ રૂમમાંથી આપી હોય તો તેમાં કયા સરકારી કર્મચારીની સંડોવણી છે..?? અને કેવી રીતે પ્રશ્નપત્ર બહાર કાઢી લીક કરવામાં આવ્યું..?? તેની પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ થઈ છે.

---

# પેપર કાંડ - સાબરકાંઠા પોલીસે ૧૧ આરોપીઓ સામે ફરીયાદ નોંધી : આઠની અટકાયત

**જયેશ પટેલ મુખ્ય સુત્રધાર હોવાનું અનુમાન, ગમે તે ઘડીએ ફરીયાદમાં ગંભીર કલમનો ઉમેરો થશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮ હેડ કલાર્કની ભરતી પરીક્ષાનું પેપર લીક થયાના ૬ દિવસ પછી સાબરકાંઠા પોલીસે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પેપર લીક હજારો ઉમેદવારોના ભવિષ્યને છીનભીન કરનાર ૧૧ આરોપીઓ સામે ફરીયાદ નોંધી ૮ ની અટકાયત કરી છે. જયેશ પટેલ મુખ્ય સુત્રધાર હોવાનું અનુમાન છે પેપર લીક થયા પછી રાજયની ભાજપ સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સામે જે રીતે આક્રોશ ભુભુક્યો છે તે ગંભીર પરીણામ લાવી શકે છે. ભવીષ્યમાં કોઈપણ પ્રકરનું પ્રશ્ન પત્ર લીક ન થાય અને આરોપીઓને દાખલા રૂપ સજા થાય તેવા નિર્ણયથી ગમે તે ઘડીએ ફરીયાદમાં ગંભીર કલમનો ઉમેરો થઈ શકે છે. પેપર લીક કરીને આરોપીઓએ કરોડો રૂપિયા એકત્ર કર્યાની આશંકા પરંતુ પેપર લીક ગંભીર ઘટના છતાં પેપર કયા સ્થળે થી સ્ટ્રોગ રૂમમાંથી બહાર કાઢ્યુ હજુ સુધી પોલીસ સમક્ષ ઉજાગર થઈ નથી કાંતો પોલીસ આ મુદ્દે કંઈ ઉડાણ પુર્વક તપાસ લઈને તેના ઉપર પડદો પાડ્યાની સંભાવના છે.

પેપર લીક ઘટનાએ ફરીથી એક વાર ઉત્તર ગુજરાતને બદનામીનો ડામ આપી દીધો છે. પેપેર લીકના પગેરાં સાબરકાંઠા-અરવલ્લી ભણી જતાં હોવાથી મહેનત કસ ઉમેદવારો ને સરકારી નોકરી મળે તો પણ કેટલા રૂપિયા આપી નોકરી મેળવતી તેવા વાક બાણ સાંભળવા પડે છે. જિલ્લામાં રાજય સરકારની કોઈપ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાવાની હોય પછી તેના અગાઉ દલાલો સક્રિય થઈ જાય છે કેટલાક કિસ્સાઓમાં સાચા અને કેટલાક કિસ્સાઓ ખોટ પેપર લીક કરી ગરજવાનને લુટતા આવ્યા છે. પાછલા પાંચ વર્ષમાં પેપર લીક મામલે જિલ્લો વધુ બદનામ થયો છે. ગત તા.૧૨ ડિસેમ્બરે જી.એસ.બીની હેડ કલાર્કની પરીક્ષા રાજયના ૧૮૬ સ્થળે યોજવામાં આવી હતી. જેમાં ૮૮ હજારથી વધુ ઉમેદવારો સામીલ થયા હતા. અને મુખ્ય સુત્રધાર ગણાતા જયેશ પટેલે પેપર લીક કરી જિલ્લાના પ્રાંતિજ, હિંમતનગર અને વિસનગર તાલુકા સુધી આન્સર કી આપ્યાની આશંકા છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા પેપર લીક થયાનો પરદાફાસ કર્યા પછી પસંદગી મંડળ અને સરકાર હરકતમાં આવી આખરે પેપર લીક થયુ છે જણાયા પછી પોલીસે ૧૧ આરોપીઓ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી છે તે

### પેપર લીક કરનારા સામે ગુજકોકનો ગુનો નોધાય તેવી સંભાવના, બેરોજગારોમાં આક્રોશ

જી.એસ.એસ.બી જી હેડ કલાર્કની પરીક્ષાનું પ્રશ્ન લીક થયા પછી લાખો રૂપિયામાં ઉમેદવારોને આન્સરકી આપવામાંઆવી છે જેના કારણે સરકારી નોકરી માટે વર્ષોથી દિવસ રાત મહેનત કરતા બેરોજગારીની મહેનત ઉપર પાણી ફરીવળી રહ્યુ છે. બેરોજગારોને રડાવનારા કૌભાડીયા પેપર લીક કરનારા સામે દાખલા રૂપ કાર્યવાહી નહી થાય તો અગામી વિધાનસભાની ચુંટણીમાં તેની ગંભીર અસર પડી શકે છે. પેપર લીક કરનારા સામે ગુજકોકનો ગુનો નાંધાય તેવી સંભાવના વ્યકત થઈ રહી છે.



**આરોપીઓ**

જયેશ ઈશ્વરભાઈ પટેલ (રહે.ઉછા, તા.પ્રાંતિજ

જશવંત હરગોવનભાઈ પટેલ (રહે.ઉછા, તા.પ્રાંતિજ,

દેવલ જશવંતભાઈ પટેલ (રહે.ઉછા, તા.પ્રાંતિજ,

ધ્રુવ ભરતભાઈ બારોટ (બેરણા, તા.હિંમતનગર

ચિંતન પ્રવિણભાઈ પટેલ (રહે.વદરાડ, તા.પ્રાંતિજ)

કુલદીપ નલીનભાઈ પટેલ (રહે.કાંણીયોલ, તા.હિંમતનગર)

દર્શન કીરીટભાઈ વ્યાસ (રહે.રાજબસેરા, બગ્લોઝ, હિંમતનગર)

સતીષ ઉર્ફે હેપ્પી પટેલ (રહે.પાટનાકુવા,તા.તલોદ)

સુરેશ રમણભાઈ પટેલ (રહે.કુડોલ, તા.હિંમતનગર)

મહેન્દ્ર એસ પટેલ (રહે.પોગલુ, તા.પ્રાંતિજ)

પૈકી ૮ જણની અટકાયત કરી છે. અગામી ૨૪ કલાકમાં પેપર લીક પ્રકરણે અનેક ચોકવાનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

---

# અરવલ્લીમાં બેફામ ખનિજ ચોરી: ખાણખનિજ વિભાગ ઠંડીમાં સુસ્ત..!!

**નદીઓમાં રાત-દિવસ ખનિજ ચોરી છતાં તંત્ર નિષ્ક્રિય**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮ અરવલ્લી જિલ્લામાં શિયાળાની ઠંડીમાં ખાણખનિજ વિભાગ સુસ્ત બની જતાં બેફામ રીતે ખનિજ ચોરી થઈ રહી છે. જિલ્લાની નદીઓમાં રાત-દિવસ લીઝ ન હોવા છતાં ખનિજ ચોરો ટ્રેક્ટરોમાં રેતી ઉલેચી રહ્યા છે છતાં તંત્ર નિષ્ક્રિય બની રહ્યું છે. જિલ્લાની મેશ્વો અને માઝૂમ નદીમાં આડેધડ ખોદકામ સાથે રેતી ચોરી મોટાપાયે થઈ રહી છે.

જિલ્લામાં ભ્રષ્ટ ખાણખનિજ અધિકારીઓની નબળી કામગીરીથી કુદરતી ખનિજ સંપદાને મોટું નુકસાન પહોંચી રહ્યું છે. જિલ્લામાંથી પસાર થતી નદીઓમાં ચોક્કસ ઈજારદારોને લીઝો આપવામાં આવી છે. જેમાં કાયદેસર રીતે નદીઓમાંથી નિકાળવામાં આવતા ખનિજ કરતાં પણ વધુ માત્રામાં ગેરકાયદે રીતે રેતીની ચોરી થઈ રહી છે. જિલ્લામાં મેશ્વો અને માઝૂમ નદીમાં છેલ્લા કેટલાય દિવસથી આડેધડ ખોદકામ કરી ટ્રેક્ટર મારફતે રેતી ચોરીનું કૌભાંડ રાત-દિવસ ધમધમી રહ્યું છે છતાં આજદિન સુધી કોઈ પગલાં ભરવામાં ન આવતાં તંત્ર સામે સવાલ ઉભા થયા છે. જિલ્લામાં ખાણખનિજ વિભાગની કામગીરી માત્ર કાગળ પૂરતી સિમિત બની છે જેથી ખનિજ ચોરો બેફામ બન્યા છે. નદીઓમાં આડેધડ થતા ખોદકામથી આગામી ચોમાસામાં ખેતીલાયક જમીનો નષ્ટ થઈ જાય તેવી ભીતી ખેડૂતોએ વ્યક્ત કરી છે. જિલ્લામાં યાંત્રિક મશીનોથી ખુલ્લેઆમ રીતે લીઝ ન હોવા છતાં ખનિજ ચોરો મોટાપાયે રેતી ઉલેચતા જોવા મળી રહ્યા છે છતાં ખાણખનિજ વિભાગના અધિકારીઓની જાણે કે આંખ જ ન ઉઘડતી હોય તેવી તાસિરના કારણે મોટાપાયે નદીઓમાંથી રેતીની ચોરી થઈ રહી છે. જિલ્લામાં ઠંડીમાં જાણે કે ખાણખનિજ વિભાગ શુન્ન બની ગયો હોય તેવી સ્થિતિ હાલમાં પ્રવર્તિ રહી છે. જિલ્લાની નદીઓમાં આડેધડ થતી રેતી ચોરીને નહીં અટકાવાય તો સરકારી તિજોરીને પણ મોટું નુકસાન પહોંચવાની દહેશત છે.



દેરોલી હાઈસ્કૂલ ખાતે લાયન્સ કવેસ્ટ બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે પ્રશિક્ષણ વર્ગ લાયન્સ પ્રમુખ નરેશભાઈ, અતુલભાઈ, શૈલેષભાઈ, દેવચંદ ભાઈ, કમલેશભાઈ, ગામના આગેવાનો નટુભાઈ, કાંતિભાઈ ગ્રામજનો તથા હાઈસ્કૂલના આચાર્યે રજાકભાઈ અને સમગ્ર સ્ટાફ હાજરીમાં ખૂલ્લો મૂકવામાં આવ્યો.

---

# વહેલી પરોઢના જનજીવનને વ્યાપક અસર : એસ.ટી. બસ મથકોમાં મુસાફરોની પાંખી હાજરી...

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની મોસમમાં પ્રથમવાર જોરદાર ઠંડીની શરૂઆત થઈ છે. બે દિ થી તાપમાનનો પારો નીચો ગગડતાં વાતાવરણ સેન્ટ્રલી એ.સી.માં ફેરવાયું છે. જ્યારે ઠંડીની તિવ્રતામાં વધારો થતાં વહેલી સવારના જનજીવનને માઠી અસર થવા લાગી છે. જિલ્લામાં બરફીલા પવનો ફરી વળતાં સીતાગારની સ્થિતિ પેદા થઈ છે. ઠંડીનું જોર એકાએક વધી જતાં તેની માઠી અસર પરીવહન ઉપર જોવા મળી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં સતત હીમવર્ષા જારી રહ્યા પછી ઉત્તરના પવનોએ જિલ્લાને બાનમાં લેતાં ઠંડીની તિવ્રતામાં ઓચિંતો વધારો થયો છે. જિલ્લામાં ગાત્રો થીજવતી ઠંડી શરૂઆતમાં ન ડોકાતાં શિયાળો ચાલે છે કે ઉનાળો તે કહેવું મુશ્કેલ બની ગયું હતું પરંતુ નવા વર્ષના આરંભ સાથે જ ઠંડીની ગાડી પૂરા વેગ સાથે પાટે ચડી છે. જિલ્લામાં ઠંડીની તિવ્રતામાં છેલ્લા બે દિવસથી વધારો થયો છે તેમાં ગત રોજ તાપમાન ૧૦ ડીગ્રીએ રહ્યા પછી સતત બીજા દિવસે પણ તાપમાનનો પારો ગગડતાં હાડ થીજવતી ઠંડીથી જનજીવન સવાર થી રાત સુધી ગરમ વસ્ત્રોમાં લપેટાઈ ગયું હતું. ખાસ કરીને વહેલી પરોઢે અને રાત્રે અસહ્ય ઠંડી અનુભવાતી હોવાથી ઠેકઠેકાણે તાપણાં સળગતાં જોવા મળી રહ્યાં છે. જિલ્લામાં કાતિલ ઠંડીથી મોર્નિંગ વોકમાં જનારાઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. જ્યારે વહેલી પરોઢે શહેરી વિસ્તારોમાં અખબાર તેમજ દૂધ આપવા માટે જનારા વ્યવસાયીઓની હાલત પણ કાતિલ ઠંડીથી કફોડી બની રહી છે. હવામાન વિભાગે આગામી દિવસમાં પણ ઠંડીની તિવ્રતામાં વધુ વધારો થવાની આગાહી કરી છે ત્યારે આવનારા દિવસોમાં શિયાળો કાતિલ બની રહેશે તેના અણસાર અત્યારથી જ જોવા મળી રહ્યા છે. ઠંડીની તિવ્રતા સાથે ઠંડાગાર પવનો બંન્ને જિલ્લાને બાનમાં લેતાં તેની વિપરીત અસર દૈનિક જીવન ઉપર જોવા મળી રહી છે ત્યારે કાતિલ ઠંડીના કારણે એસ.ટી. બસ મથકોમાં પણ મુસાફરોની પાંખી હાજરી જોવા મળી રહી છે.

**જિલ્લામાં કાતિલ ઠંડીથી વાતાવરણ સેન્ટ્રલી એ.સી.**

---

## શ્રદ્ધા એકતાનું પ્રતિક બની

# રસુલપૂરમાં એક સાથે માતાજીની નીકળેલી એકવીસ માંડવીએ આકર્ષણ જગાવ્યું

બાયડ,તા.૧૮ સમગ્ર ગુજરાતમાં કલાત્મક માંડવી મૂકી બાધા આખડી પૂરી કરવાની પરંપરા પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાં આજે પણ જળવાયેલી છે.ત્યારે તાજેતરમાં જૂના રસુલપુર ગામે ગ્રામજનો દ્વારા શ્રદ્ધા સાથે એક જ દિવસે એક સાથે ૨૧ માંડવી મૂકી વાજતે ગાજતે મહાકાળી માતાજીના મંદિરે લઈ જવાતાં આકર્ષણ જાગ્યું હતું.આમતો બાધા ફળે તો અલગ અલગ રીતે માંડવી મૂકી બાધા પૂરી થાય છે પણ ગ્રામજનોએ આ વખતે એકજ જગ્યાએ એકજ દિવસે પરંપરાગત પ્રથા પૂરી કરતા તે એકતાનું પ્રતિક બની છે.

આજના આધુનિક યુગમાં અનેક પરંપરાઓ ભુલાઈ રહી છે પણ ગ્રામ્યવિસ્તારોમાં કેટલેક ઠેકાણે હજુય પૌરાણિક સંસ્કૃતિ ને લોકો શ્રદ્ધા સાથે વળગી રહ્યા છે.લાકડાની રંગબેરંગી શણગારેલી માંડવી માથે મૂકી ચાચર ચોકમાં ગુમતા શ્રદ્ધાળુઓ ને જોવા પણ એક લાહવો બની જતો હોય છે.રસુલપુર માં વાઘેલા પરિવારોમાં માતાજીની માનેલી બાધા ફળીભૂત થતાં લાકડાની શણગારેલી ૨૧ માંડવડી ગામના ચોક માં સમાઈ શકે તેમ ન હોવાથી ખેતરમાં મૂકી રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી ત્યારબાદ માથે માંડવી સાથે મહિલાઓ અને પુરુષો મહાકાળી માતાજીના મંદિરે પહોંચ્યા હતા અને પોતાની માનતા પૂરી કરી હતી.ગામમાં પ્રથમ વાર એક સાથે સમૂહમાં આ પ્રકારના આયોજન થી શ્રદ્ધાળુઓની આસ્થામાં વધારો થયો છે.

